કેસ રજુ તા.:૦૩/૦૯/૨૦૨૫.
કેસ દાખલ તા.:૦૩/૦૯/૨૦૨૫.
કેસ ફેંસલ તા.:૦૮/૦૪/૨૦૨૬.
અવધિ. :–વર્ષ. માસ. દિવસ.
૦૦ ૦૭ ૦૫

***મે. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.***

**ફોજદારી કેસ નં.–૧૩૮૨/૨૦૨૫.**

આંક–૩૪

સરકારશ્રી.
(દાઠા પો.સ્ટે., A–પાર્ટ, ગુ.ર.,
નં.–૫૦૦૫૮/૨૦૨૫).

*.....ફરિયાદી.*

**વિરૂધ્ધ**

(૧) કુરજીભાઇ દેવજીભાઇ મકવાણા.
ઉ.વ.આ.–૩૫, ધંધો–મજુરી,

(૨) સંજયભાઇ ખાટાભાઇ ઢાપા.
ઉ.વ.આ.–૪૫, ધંધો–મજુરી,

(૩) અશોકભાઇ ખાટાભાઇ મકવાણા.
ઉ.વ.આ.–૪૨, ધંધો–મજુરી,

(૪) રાહુલભાઇ કુરજીભાઇ મકવાણા.
ઉ.વ.આ.–૨૨, ધંધો–મજુરી,
રહે. તમામ આમળા ગામ, તા.તળાજા, જિ.ભાવનગર.

*.....આરોપીઓ.*

*ગુન્હો :–ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૧ (૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયે.....*

---

*સરકાર તરફે :–વિ. એ.પી.પી.શ્રી એચ.બી.યોગી.*
*આરોપી તરફે :–વિ.વ.શ્રી વિ.એસ.ડાભી.*

---

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

આ કામના ફરીયાદીના ઘરે દાંડીયા–રાસ હોય તે દરમિયાન, આ કામના આરોપીઓએ ફરીયાદીના ઘરે આવીને હાથ ઉંચા–નીચા કરી, ચાળા કરતા હોય જેથી, ફરીયાદીએ તેઓને ઠપકો આપતા, તેની દાઝ રાખી, ગઈ તા.૨૫/૨/૨૦૨૫ના રોજ કલાક:૮/૦૦ વાગ્યાના સુમારે, તળાજા તાલુકાના આમળા ગામે, ફરીયાદીના દિકરા તથા અન્ય સાહેદો ફોરેસ્ટ બાજુ શૌચક્રિયા માટે જતા હતા તે દરમિયાન, આરોપી નં.–૧ના ઘર પાસે પહોંચતા, આરોપી નં.–૧નાએ આવીને પાઈપ વડે આડેધડ માર મારવા લાગતા, જે અંગેની જાણ સાહેદ ભાવેશભાઈએ ફરીયાદીને ફોનથી કરતા, ફરીયાદીએ આવતા, તેને હાથ ઉપર પાઈપ મારી, ફ્રેકચર કરી, ફરીયાદીના ભત્રીજાને આરોપી નં.–૧નાએ જમણા હાથ ઉપર ઘા મારી, ફ્રેકચર કરી, ફરીયાદીના સાળાને ડાબા હાથ ઉપર લોખંડના પાઈપનો ઘા મારી, હાથ ભાંગી નાંખી, ભુંડાબોલી ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાના મેળાપીપણામાં જિલ્લા મેજિ.સા.શ્રી–ભાવનગરના હથિયારબંધીના જાહેરનામા નો ભંગ કરી, ગુન્હો કર્યાની ફરીયાદ ફરિયાદીએ દાઠા પો.સ્ટે.માં નોંધાવતા, A–પાર્ટ, ગુ.ર., નં.–૫૦૦૫૮/૨૦૨૫થી ગુન્હો દાખલ કરી, ત.ક.અ.શ્રી ધ્વારા તપાસના અંતે, આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબ પૂરતો પુરાવો મળી આવતા, અત્રેની અદાલતમાં ચાજશીટ રજુ કરતા, તેને ફોજદારી કેસ રજિસ્ટરે ફોજદારી કેસ નં.–૧૩૮૨/૨૦૨૫ આપવામાં આવેલ.

(૨) આરોપી સામે ચાજશીટ રજુ થતા, આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરેલ, જે સમન્સ આરોપીને બજતા, તેઓ અદાલતમાં હાજર થયેલ. તે બાદ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે, આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૧૯૩ મુજબના ચાજશીટ–પેપર્સની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાતરી કયા બાદ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૩ મુજબ મારા

પુરોગામી વિ. ન્યાયાધિશશ્રીએ આરોપીઓ પર આંક–૪થી ઉપરોકત ગુન્હા સબબ તહોમતનામુ ફરમાવેલ અને સદર તહોમતનામુ આરોપીને વાંચી–સંભળાવી, તે અંગે આરોપીઓની આંક–૫ થી આંક–૮ સુધીમાં પ્લી રેકર્ડ કરતા, આરોપીએ ગુનો કબૂલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરી, કેસ આગળ ચલાવવાનું જણાવતા, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરિયાદ પક્ષ ધ્વારા નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે :–

| ક્રમ. | –: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :– | આંક. |
|---|---|---|
| ૦૧. | ફરિયાદી વિક્રમભાઈ શિવાભાઈ સોલંકીની જુબાની. | ૧૬. |
| ૦૨. | ફરિયાદની ખરીનકલ. | ૧૭. |
| ૦૩. | સાહેદ કિશનભાઈ ભુપતભાઈ સોલંકીની જુબાની. | ૧૮. |
| ૦૪. | સાહેદ વિશાલભાઈ વિક્રમભાઈ સોલંકીની જુબાની. | ૧૯. |
| ૦૫. | સાહેદ રીતુલભાઈ બચુભાઈ બારૈયાની જુબાની. | ૨૦. |
| ૦૬. | સાહેદ ભાવેશભાઈ હિપાભાઈ સોલંકીની જુબાની. | ૨૧. |
| ૦૭. | ગુનાવાળી જગ્યાના પંચનામાની ખરીનકલ. | ૨૨. |
| ૦૮. | મુદ્દામાલ રીકવરી પંચનામાની ખરીનકલ. | ૨૩. |
| ૦૯. | જિલ્લા મેજિ.સા.શ્રી–ભાવનગરના હથિયારબંધીના જાહેરનામાની ખરીનકલ. | ૨૪. |
| ૧૦. | ફરિયાદીના એમ.એલ.સી. સર્ટી.ની ખરીનકલો. | ૨૫, ૨૭. |
| ૧૧. | સાહેદોના એમ.એલ.સી. સર્ટી.ની ખરીનકલો. | ૨૬ થી ૨૮, ૩૦, ૩૧. |
| ૧૨. | ફરીયાદ પક્ષે સમાધાન/કલોઝીંગ પુરસીસ. | ૩૨. |

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થતા, આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીનું વિશેષ નિવેદન નોંધવાલાયક કોઈ પુરાવો આવેલ ન હોઈ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ફરિયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી એચ.બી.ચોગી તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી વિ.એસ.ડાભીની દલીલો સાંભળવામાં આવી.

**(૬)** સદર કેસની ઉપરોકત હકીકતો અને સંજોગો, રેકર્ડ પર રજુ થયેલ પુરાવો, સંલગ્ન કાયદાની જોગવાઇ તેમજ ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લેતા, કેસના ન્યાય–નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે :–

**<u>–: મુદ્દા :–</u>**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના ફરીયાદીના ઘરે દાંડીયા–રાસ હોય તે દરમિયાન, આ કામના આરોપીઓએ ફરીયાદીના ઘરે આવીને હાથ ઉંચા–નીચા કરી, ચાળા કરતા હોય જેથી, ફરીયાદીએ તેઓને ઠપકો આપતા, તેની દાઝ રાખી, બનાવ સમયે અને સ્થળે, ફરીયાદીના દિકરા તથા અન્ય સાહેદો ફોરેસ્ટ બાજુ શૌચક્રિયા માટે જતા હતા તે દરમિયાન, આરોપી નં.–૧ના ઘર પાસે પહોંચતા, આરોપી નં.–૧નાએ આવીને પાઇપ વડે આડેધડ માર મારવા લાગતા, જે અંગેની જાણ સાહેદ ભાવેશભાઇએ ફરીયાદીને ફોનથી કરતા, ફરીયાદીએ આવતા, તેને હાથ ઉપર પાઇપ મારી, ફ્રેકચર કરી, ફરીયાદીના ભત્રીજાને આરોપી નં.–૧નાએ જમણા હાથ ઉપર ઘા મારી, ફ્રેકચર કરી, ફરીયાદીના સાળાને ડાબા હાથ ઉપર લોખંડના પાઇપનો ઘા મારી, હાથ ભાંગી નાંખી, ભુંડાબોલી ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાના મેળાપીપણામાં જિલ્લા મેજિ.સા.શ્રી–ભાવનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદા પરત્વેના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે :–

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–: કારણો :–</u>**

(૮) ***<u>મુદ્દા નંબર–૧ તથા ૨ અંગે :–</u>***

ફરિયાદ પક્ષ ધ્વારા આંક–૧૬થી ફરિયાદી વિક્રમભાઇ શિવાભાઇ સોલંકી, આંક–૧૮થી સાહેદ કિશનભાઇ ભુપતભાઇ સોલંકી, આંક–૧૯થી સાહેદ વિશાલભાઇ વિક્રમભાઇ સોલંકી, આંક–૨૦થી સાહેદ રીતુલભાઇ બચુભાઇ બારૈયા તેમજ આંક–૨૧થી સાહેદ ભાવેશભાઇ હિપાભાઇ સોલંકીની જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે. આંક–૧૭થી ફરિયાદ રજુ છે. સદર તમામ બનાવમાં ઈજા પામનાર સાહેદોના પુરાવાનું એકસાથે મુલ્યાંકન કરવામાં આવે તો, તેઓ સ્પષ્ટ જણાવે છે કે, બનાવ વખતે ફરીયાદીના ઘરે દાંડીયા–રાસ શરૂ હોઇ, આરોપીઓએ ત્યાં આવીને હાથ ઉંચા–નીચા કરતા હોવાથી સાહેદ વિશાલે આરોપીઓને ત્યાંથી જતા રહેવાનું જણાવતા, આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી, તે સિવાય બીજુ કાંઇ બનેલ નહીં તેમજ આરોપીઓએ તેઓને કોઇ ગાળો આપેલ હોય કે, ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી તેમજ આરોપીઓ પાસે હથિયાર હોય અને તેના વડે તેઓને ઈજા કરેલ હોય તેવુ પણ બનેલ નથી. આમ, સદર કામે ફરિયાદી તથા સાહેદોના સમગ્ર પુરાવા પરથી આંક–૧૭થી રજુ ફરિયાદની મહત્વની હકીકતો લેશમાત્ર પુરવાર થઇ શકતી ના હોઈ, તેઓ તમામને ફરીયાદ પક્ષ ધ્વારા **ફરી ગયેલા** જાહેર કરેલા છે.

(૯) સદર કામે આંક–૨૨થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક–૨૩થી મુદ્દામાલ રીકવરી પંચનામુ, આંક–૨૪થી જિલ્લા મેજિ.સા.શ્રી–ભાવનગરનું હથિયાર બંધીનું જાહેરનામુ, આંક–૨૫ તથા આંક–૨૬થી ફરિયાદીના એમ.એલ.સી. સર્ટી. તેમજ આંક–૨૬ થી આંક–૨૮ તેમજ આંક–૩૦ તથા આંક–૩૧થી સાહેદોના એમ.એલ.સી. સર્ટી. રજુ થયેલ છે, પરંતુ આંક–૧૭થી રજુ ફરિયાદ કે, જે હાલના કેસમાં મુખ્ય પુરાવો છે, તેને જ ફરિયાદ પક્ષે રેકર્ડ પર નિ:શંકપણે પુરવાર કરેલ નથી ત્યારે, સદર દસ્તાવેજી પુરાવા કે જે ગૌણ પુરાવા છે, તેના ઉપર આધાર રાખી, આ કામના આરોપીઓને હાલના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહીં.

(૧૦) અહીં ખાસ નોંધવાનું કે, સદર કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઇ જતા, ફરીયાદી તથા સાહેદો હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ના હોય કે, કોઇ વિશેષ મૌખિક કે લેખિત પુરાવો આપવા માંગતા ના હોવાનું આંક–૩૨થી રજુ સમાધાન/કલોઝીંગ પુરસીસ તેમજ ફરીયાદી તથા સાહેદો ની ઉલટતપાસમાં સ્પષ્ટ રેકર્ડ પર હોઇ, સદર સમાધાન પક્ષકારોના હિતમાં હોઇ, અત્રેની અદાલત ધ્વારા રેકોર્ડેડ કરવામાં આવેલ હતુ.

(૧૧) આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા પરથી ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આ કામના ફરીયાદીના ઘરે દાંડીયા–રાસ હોય તે દરમિયાન, આ કામના આરોપીઓએ ફરીયાદીના ઘરે આવીને હાથ ઉંચા–નીચા કરી, ચાળા કરતા હોય જેથી, ફરીયાદીએ તેઓને ઠપકો આપતા, તેની દાઝ રાખી, બનાવ સમયે અને સ્થળે, ફરીયાદીના દિકરા તથા અન્ય સાહેદો ફોરેસ્ટ બાજુ શૌચક્રિયા માટે જતા હતા તે દરમિયાન, આરોપી નં.–૧ના ઘર પાસે પહોંચતા, આરોપી નં.–૧નાએ આવીને પાઇપ વડે આડેધડ માર મારવા લાગતા, જે અંગેની જાણ સાહેદ ભાવેશભાઇએ ફરીયાદીને ફોનથી કરતા, ફરીયાદીએ આવતા, તેને હાથ ઉપર પાઇપ મારી, ફ્રેકચર કરી, ફરીયાદીના ભત્રીજાને આરોપી નં.–૧નાએ જમણા હાથ ઉપર ઘા મારી, ફ્રેકચર કરી, ફરીયાદીના સાળાને ડાબા હાથ ઉપર લોખંડના પાઇપનો ઘા મારી, હાથ ભાંગી નાંખી, ભુંડાબોલી ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાના મેળાપીપણામાં જિલ્લા મેજિ.સા. શ્રી–ભાવનગરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ. વધુમાં, ફરિયાદ પક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુન્હા મુજબનું તહોમત એટલે કે, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોઇ, મુદા નંબર–૧નો જવાબ નકારાત્મક ઠરાવવામાં આવે છે અને મુદા નંબર–૨ પરત્વે, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ :–**

**૧.** આ કામના આરોપીઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૭૧(૧) મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષા પાત્ર ગુન્હા સબબ નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલનો અપીલ સમય વીત્યે, નાશ કરવો.

**૩.** આરોપીઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૮૧ અન્વયે, અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજ તારીખ–૮, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ :–તળાજા.

**(ચૈતન્ય નવનિતલાલ મારફતિયા)**
એડિશ્નલ ચીફ જયુડિ.મેજિ.–તળાજા.
(કોડ નં.–જી.જે.૦૦૮૮૮).

એચ.બી.જોષી.